

# CIMS News
# Care & Cure

Volume-3 | Issue-33 | April 25, 2013

Price : ₹ 5/-

CIMS®
Care Institute of Medical Sciences



CIMS News
Care & Cure
Volume-3 | Issue-33 | April 25, 2013

CIMS®
Care Institute of Medical Sciences


# સીમ્સ હોસ્પિટલમાં હૃદય રોગોની તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ

હાર્ટ સર્જરીનો ઈતિહાસ એક સદીથી પણ ઓછો જૂનો છે. એ પહેલાં હૃદયની શસ્ત્રક્રિયા થઈ શકતી ન હતી. ૧૯૫૪માં પ્રથમ ઓપન હાર્ટ સર્જરી થઈ તે પછી અત્યાર સુધીમાં હૃદય રોગની સારવાર ક્ષેત્રે જબરદસ્ત પ્રગતિ નોંધાઈ છે. હૃદયની નળીઓ બ્લોક થવી, વાલ્વ પહોળો થવો, વાલ્વનું લીકેજ થવું વગેરે હૃદયની કોઈ બિમારી એવી નથી જેનો ઈલાજ થઈ શકે નહીં. સીમ્સ હોસ્પિટલમાં હૃદયના કેવા અટપટા ઓપરેશન થાય છે તેની માહિતી આપતાં હોસ્પિટલના કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન ડો. ધીરેન શાહ, ડો. ધવલ નાયક અને ડો. દિપેશ શાહે ખાસ મુલાકાતમાં જણાવ્યું હતું કે દુનિયામાં હૃદયના જે અદ્યતન ઓપરેશનો થાય છે તેમાંથી હાર્ટ ટ્રાન્સપ્લાન્ટને બાદ કરતાં તમામ પ્રકારની સર્જરી સીમ્સ હોસ્પિટલમાં થઈ શકે છે.

સીમ્સ હોસ્પિટલમાં કનુભાઈ નામના એક દર્દીને (નામ બદલ્યું છે) બાયપાસ વાલ્વ રિપેરીંગ કરાયું હતું. દર્દીને રજા અપાયા પછી તે બે કી.મી. સુધી ચાલી શકે છે. કનુભાઈના કેસની વધુ વિગત આપતાં કાર્ડિયાક સર્જન ડો. ધિરેન શાહે જણાવ્યું કે "આ નબળા હૃદયનો કેસ હતો. હૃદય પહોળું થઈ ગયું હતું, વાલ્વમાં લીકેજ હતું, પમ્પીંગની ક્ષમતા ૨૦ થી ૨૫ ટકા જેટલી હતી. છેલ્લા એક વર્ષમાં હાર્ટ ફેઈલ્યોરને કારણે ચારેક વખત હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. સીમ્સ હોસ્પિટલમાં તેમને બાયપાસનું, વાલ્વ રિપેરીંગનું તથા ફુગ્ગા જેવા પહોળા થઈ ગયેલા હૃદયનું એમ ત્રણેય ઓપરેશન એક સાથે કરવામાં આવ્યા હતા. ભારતમાં આ પ્રકારના દર્દીઓમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ શક્ય નથી તેથી આ પ્રકારે સર્જરી કરાવીને દર્દી રોજીંદી સારી અને સ્વતંત્ર જીંદગી જીવી શકે તેવી સ્થિતિ પેદા કરી શકાય છે "આવા ઓપરેશનમાં થોડુંક વધારે જોખમ અને ખર્ચ પણ વધારે થતો હોય છે, છતાં સારવાર શક્ય છે" તેમ ડો. ધવલ નાયક જણાવે છે. ડો. દીપેશ શાહે જણાવ્યું કે 'જ્યારે આ દર્દી અમારી પાસે ફોલોઅપમાં આવતા હોય છે ત્યારે બંધિયાર જીંદગીના બદલે સ્વતંત્ર અને ઉપયોગી જીંદગી જીવે છે, તેના કારણે તે અને તેમનો પરિવાર સંતુષ્ઠ છે.

અમદાવાદની એક યુવાન છોકરી આયેશા (નામ બદલેલ છે) જેના ૬ માસ પછી લગ્ન થવાના હતા. તેને ખબર પડી કે તેના હૃદયમાં જન્મજાત કાણું છે. ઘરમાં ટેન્શન અને ગભરાટ વધી ગયો. મોટો કાપો મૂકવો પડશે તેવા ડરથી તે લઘુતાગ્રંથી અનુભવતી થતો હતી. આ કારણે ઓપરેશન માટે તૈયારી પણ દાખવતી નહોતી.

આયેશા જ્યારે ડો. ધીરેન શાહને મળી ત્યારે તેને સમજાવવામાં આવ્યું કે હવે ટેકનોલોજી બદલાઈ છે.આ ઓપરેશન કરવામાં છાતીમાં મોટો ચીરો નહીં મૂકવો પડે, બ્રેસ્ટની (સ્તનની) નીચે, દેખાય નહીં તેવો નાનો કાપો મૂકી ઓપરેશન થઈ શકશે. એ પછી સીમ્સમાં ઓપરેશન થયું અને ૬ માસ પછી આયેશાના લગ્ન પણ થયા. આજ સુધી તેના હૃદયને કોઈ તકલીફ પડી નથી.



પરંપરાગત સર્જરી
અદ્યતન MICS સર્જરી

ડો.ધવલ નાયક ના જણાવ્યા પ્રમાણે આ પ્રકારની મિનિમલ ઈન્વેસિવ કાર્ડિયાક સર્જરીથી (MICS)થી બાયપાસ, વાલ્વ રિપ્લેસમેન્ટ અને વાલ્વ રિપેરીંગ ઉપરાંત હૃદયમાં પડેલા કાણાનું પણ ઓપરેશન થઈ શકે છે તેમ ડો. ધવલ નાયક જણાવે છે. આ ઉપરાંત ડો. દીપેશ શાહે જણાવ્યું કે આ ઓપરેશનનો ફાયદો એ છે કે ઓપન હાર્ટ પછીની રિકવરી ખૂબ ઝડપી થાય છે. એક માસમાં વ્યક્તિ કામે લાગી શકે છે. ઘરમાં કમાનાર વ્યક્તિ જલ્દી કામે લાગી જતાં પરિવાર માટે આશિર્વાદરૂપ નિવડે છે. આવી સર્જરીમાં ઓપરેશન પછી ઓછો દુખાવો થાય છે. ખાસ બાબત એ છે કે બહેનોના ઓપરેશનમાં કાપો બિલકુલ દેખાતો નથી અને લઘુતાગ્રંથી રહેતી નથી.

૨૩ વર્ષની ઉંમરના પૂર્ણિમાબેનને (નામ બદલેલ છે) ઓચિંતી શ્વાસની તકલીફ થવા લાગી. ધબકારા અનિયમિત થઈ ગયા. તેમની તબીબી તપાસમાં જણાયું કે હૃદયના એક વાલ્વમાં લીકેજ છે. ડોકટરોએ જણાવ્યું હતું કે નવો ધાતુનો વાલ્વ નાંખવો પડશે. સીમ્સ હોસ્પિટલમાં તેમણે તપાસ કરાવી ત્યારે ડો.ધિરેન શાહે જણાવ્યું કે બગડેલો માઈટ્રલ વાલ્વ રિપેર થઈ શકશે. વાલ્વ રિપેર કર્યા પછી લોહી પાતળું કરવાની ગોળીઓ લેવાની જરૂર પડશે નહી. આ સર્જરી નાના કાપાથી થઈ શકશે અને ઝડપથી રિકવરી થશે તથા કાપો દેખાશે નહીં. પૂર્ણિમાબેનનું ઓપરેશન થઈ ગયું અને આજ સુધીમાં રિપેર થયેલા વાલ્વમાં કોઈ તકલીફ પડી નથી. તેવું ડો. ધિરેન શાહે આ કેસ અંગેની વિગત આપતાં જણાવ્યું હતું. ડો. ધવાલ નાયક ના જણાવ્યા પ્રમાણે વાલ્વ રિપેરીંગનો ફાયદો એ છે કે કુદરતે જે વસ્તુ આપી છે તેને સાચવી રાખીએ. કૃત્રિમ વસ્તુ શરીરમાં

Volume-3 | Issue-33 | April 25, 2013

નાંખવાથી વધુ સારસંભાળ લેવી પડે અને જીંદગીભર લોહી પાતળું થવાની ગોળીઓ લેવી પડે તે દર્દી માટે બોજારૂપ બને છે.

ઘણીવાર એવું માનવામાં આવે છે ૭૦ વર્ષ પછી હાર્ટ સર્જરી જેવું ઓપરેશન શક્ય હોતું નથી. સિમ્સ હોસ્પિટલમાં મોટી ઉંમરના ઘણાં દર્દી આવે છે અને ઓપરેશન કરાવે છે. દર્દી તંદુરસ્ત હોય અને હરતોફરતો હોય તો તે ઓપરેશન કરાવીને સામાન્ય જીંદગી જીવી શકે છે તથા તેના



જીવનની ગુણવત્તામાં સુધારો થાય છે. ભાવનગરના ૮૭ વર્ષના એક સ્વાતંત્ર્ય સેનાની જમનાદાસ પટેલ (નામ બદલેલ છે) વાલ્વ બદલવાનું ઓપરેશન સફળતાપૂર્વક થઈ શક્યું હતું અને તેમને આજસુધી કોઈ તકલીફ પડી નથી. ડો. ધીરેન શાહ જણાવે છે કે મોટી ઉંમરની વ્યક્તિઓ માટે ઓપરેશન હવે સામાન્ય બાબત બની ગઈ છે.

ડો. ધવલ નાયકે સીમ્સ હોસ્પિટલમાં થતાં આવાં ઓપરેશનો અંગે વધુ વિગત આપતાં કહ્યું કે અહીં દર વર્ષે ૧૦૦૦ થી વધુ ઓપન હાર્ટ સર્જરીનાં ઓપરેશન થાય છે, એમાં ૧૦ થી ૧૫ ટકા દર્દીઓ ૭૦ વર્ષથી વધુ ઉમરના હોય છે.

મોટી ઉંમરના વ્યક્તિઓને થતાં ઓપરેશન અંગે ડો. દીપેશ શાહે જણાવ્યું કે સામાન્ય દર્દીની તુલનામાં મોટી ઉંમરની વ્યક્તિને થતા ઓપરેશનમાં વિશેષ કાળજી અને ટેકનિકનો ઉપયોગ કરવો પડે છે. સીમ્સ હોસ્પિટલમાં આ માટેનો પ્રોટોકોલ તથા સુવિધાઓ ઉભી કરવામાં આવી છે, આ ઉપરાંતે ટીમવર્કને કારણે આ કામગીરી ઘણી સારી રીતે થઈ શકે છે. સીમ્સ હોસ્પિટલમાં હવે ઓપન હાર્ટ સર્જરી ટેકનિક અને કોરોનરી એન્જીયોપ્લાસ્ટી અને સ્ટેન્ટ જેવી કેથેટર આધારિત પધ્ધતિના સંયોજનવાળી હાઈબ્રીડ ટેકનોલોજી પણ ઉપલબ્ધ થઈ છે. ડો. ધિરેન શાહ કહે છે કે આ પ્રકારની હાઈબ્રીડ સર્જરીમાં બાયપાસ સર્જરી અને વાલ્વ રિપેરીંગ અથવા રિપ્લેસમેન્ટ (બંને સાથે)પણ થઈ શકે છે.

અગાઉ હૃદયનું કોઈ ઓપરેશન કરાવવાનું હોય ત્યારે દર્દીઓના સ્નેહીઓના મનમાં અતિશય ગંભીરતાનું વાતાવરણ પેદા થતું હતું, પણ હવે ઝડપી નિદાન પછી તુરત જ હાર્ટ સર્જરી થઈ શકે છે આથી દર્દી તથા તેમના સ્વજનોમાં અગાઉ સતત ચિંતા રહેતી હતી તે સ્થિતિ અનેક દર્દીઓનાં અટપટાં ઓપરેશન થવાને કારણે તથા સફળતાના ઉંચા દરને કારણે લગભગ નિર્મૂળ થતી જાય છે.

## સૌજન્ય

**ડો. ધીરેન શાહ**
MB, MS, MCh (CVTS)
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
ઇ-મેલ : dhiren.shah@cims.me

**ડો. ધવલ નાયક**
M.S. (Gold Medalist), DNB (CTS)
Fellow RPAH (Sydney)
કાર્ડિયોથોરાસીક સર્જન
(મો) +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩
ઇ-મેલ : dhaval.naik@cims.me

**ડો. દીપેશ શાહ**
MS, MCh (CVTS)
Fellow Mayo Clinic, USA
કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન
(મો) +૯૧-૯૦૯૯૦ ૨૭૯૪૫
ઇ-મેલ : dipesh.shah@cims.me

## સીમ્સની સુવાસ

સીમ્સ, સાયન્સ સીટી રોડ બેજોડ છે.
સીમ્સ, શુકન મોલ પાસે અણમોલ છે.
સીમ્સ ની સફાઈ, સાદગી સુંદરતા ન્યારી છે.
સીમ્સ, સરલ, શીલવાન સદાચારી છે.
સીમ્સ, શિસ્તની દૂરાગ્રહી નહી, અનુગ્રહી છે.
સીમ્સ, સમયની હઠાગ્રહી નહી, આગ્રહી છે.
સીમ્સ, ઉપકાર નહી, સહકાર માંગે છે.
સીમ્સ, સદાય રાત-દિ દિલથી જાગે છે.
સીમ્સ ની, સચ્ચાઈ પર સૌને વિશ્વાસ છે.
સીમ્સ ની, એજ તો સેવાની સુવાસ છે.
સીમ્સ થી, કોઈ "બાયપાસ" કયાં કરે છે?
સીમ્સ, જાતે જ સૌ કોઈને દિલથી મળે છે.
સીમ્સ, એક સુંદર દેવાલય માંગે છે.
સીમ્સ, હજુ લીલી વનરાઈ માંગે છે.


**પી. જી. સોની "દાસ" - ભુજ-કચ્છ દ્વારા સીમ્સને ભેટ કે જેમના બહેન રૂકમણી નારણભાઇ સોની ની બાયપાસ સર્જરી સીમ્સ કાર્ડિયોવાસ્ક્યુલર ટીમ દ્વારા કરવામાં આવી**

CIMS News
Care & Cure
Volume-3 | Issue-33 | April 25, 2013

CIMS®
Care Institute of Medical Sciences

# સીમ્સ ખાતે ભારતમાં પહેલીવાર એક ધમનીમાં એક સાથે ૩ એબ્સોર્બ સ્ટેન્ટ!

આ ડો. કેયૂર પરીખના એબ્સોર્બ બીવીએસ કેસમાંનો એક છે જેમાં આફ્રિકાથી માર્ચ ૦૮, ૨૦૧૩ના રોજ આવેલ ડો. કેયૂર પરીખના દર્દી શ્રી વિનુ કપાસી પર એબ્સોર્બ બીવીએસ (બાયોરીસોર્બેબલ વાસ્ક્યુલર સ્કેફોલ્ડ) કરવામાં આવ્યું હતું. બીવીએસ એટલે કે બાયોરીસોર્બેબલ વાસ્ક્યુલર સ્કેફોલ્ડની ત્રણ મહિના પહેલાં ભારતમાં સફળ રજૂઆત કરવામાં આવી હતી. ડો. કેયૂર પરીખ અને સીમ્સ કાર્ડિયોલોજી ટીમ દ્વારા તેમના દર્દીઓમાં અનેક એબ્સોર્બ બીવીએસ સફળતાપૂર્વક મૂકવામાં આવ્યા છે અને તે દર્દીઓ સ્વસ્થ છે તેમજ તંદુરસ્ત જીવન જીવી



રહ્યા છે. શ્રી વિનુ કપાસીની એન્જીયોગ્રાફી ૨૭ નવેમ્બર, ૨૦૧૨ના રોજ ડો. કેયુર પરીખ દ્વારા કરવામાં આવી. તેઓ લેફ્ટ એન્ટીરીયલ ડિસેન્ડીંગ (એલએડી), રાઈટ કોરોનારી આર્ટરી (આરસીએ)માં ગંભીર બ્લોકેજ ધરાવતા હતા અને તેમને પરક્યુટેનિયસ કોરોનરી એન્જીયોગ્રાફી (પીસીઆઈ) કરાવવાની સલાહ આપવામાં આવી હતી. ડો. કેયુર પરીખ દ્વારા ડ્રગ-ઈલ્યુટીંગ સ્ટેન્ટ(ડીઈએસ) થકી આરસીએ બ્લોકેજ કરવામાં આવ્યું હતું. તેમણે એલએડી ધમનીમાં સ્ટેન્ટિંગ કરવાનું પણ આયોજન કર્યું હતું જેમાં ૩ અવરોધ હતા. દર્દી માર્ચ ૦૭, ૨૦૧૩ના રોજ ડો. કેયૂર પરીખ પાસે તેમની હૃદયની ધમનીઓમાં સ્ટેન્ટિંગ કરાવવા માટે આવ્યા હતા.

છેલ્લાં ૩ મહિનાથી તેમને શ્વાસ ચડવાની સમસ્યા હોવાથી અને કોરોનરી આર્ટરી બ્લોકેજનો જ્ઞાત કેસ હોવાથી ડો. કેયૂર પરીખ દ્વારા સ્ટેન્ટીંગની અદ્યતન પદ્ધતિ – એબ્સોર્બ સ્ટેન્ટ – કરાવવાની સલાહ આપવામાં આવી કારણકે આ નવી બીવીએસ ટેકનોલોજી - આજીવન એન્ટીક્લોટિંગ ટીકડીઓ લેવાની જરૂર નહીં, થોડા સમય પછી ધમનીમાં ધાતુની ગેરહાજરી અને પ્રાકૃતિક ધમની જેવી જ સ્થિતિ વગેરે ફાયદા સાથે લાભદાયી છે.



શ્રી વીનુ કપાસી સાથે ડૉ. કેયૂર પરીખ

એક જ ધમનીમાં ૩ એકબીજા પર આવતા ધાતુના સ્ટેન્ટ મૂકવાનું ટાળવા માટે તેમણે આ નવા માન્ય સ્ટેન્ટ મૂકાવવાની મંજૂરી આપી અને ડોક્ટર દ્વારા ત્રણ એબ્સોર્બ બીવીએસ (ભારતમાં પહેલીવાર એક જ ધમનીમાં) મૂકવામાં આવ્યા. દર્દીએ સારવારને સારો પ્રતિસાદ આપ્યો, બે માળ ચડી શક્યા અને બીજા દિવસે ઘરે અને બાદમાં અંગોલા પાછા ફર્યા.

**વિશ્વની શ્રેષ્ઠ હોસ્પિટલ સીમ્સ હોસ્પિટલ ખાતે મને વિશ્વમાં શ્રેષ્ઠ એવી એબ્સોર્બેબલ સ્ટેન્ટની સારવાર મળી (એબોટ દ્વારા બાયોએબ્સોર્બેબલ સ્ટેન્ટ)**

**– શ્રી વિનુ કપાસી**

**સૌજન્ય**

**ડૉ. કેયૂર પરીખ**
MD (USA) FCSI (India) FACC, FESC, FSCAI
ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ
(મો) +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯
ઇ-મેલ : keyur.parikh@cims.me

## સીમ્સ હોસ્પિટલ દ્વારા જનજાગૃતિ અભિયાન અંતર્ગત મીડ એઇજ હેલ્થ ક્લબ મેનોપોઝ હેલ્થ ક્લબ માટે સીપીઆર ક્લાસનું આયોજન કરવામાં આવ્યુ હતું.









CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-3 | Issue-33 | April 25, 2013


# `` એક્યુટ એઓર્ટીક ડિસેક્શન'' જેવી ગંભીર બીમારીનો સીમ્સના ડોકટરો દ્વારા ઈલાજ

૬૫ વર્ષના એક દર્દીને રાજકોટમાં અચાનક છાતીમાં, પીઠમાં અને પેટમાં દુ:ખાવો ઉપડે છે. સર્જન દ્વારા સઘન તપાસ અને સીટી સ્કેન કરતાં નિદાન થાય છે. "એક્યુટ ટાઈપ B એઓર્ટીક ડિસેકશન". આ બીમારીમાં હૃદયમાંથી નીકળતી મહાધમની અતિશય બ્લડ પ્રેશરથી ફાટી જાય છે અને તેના કારણે જીવન જોખમમાં મુકાઈ જાય છે.


Dissection Entry Tear — SMA compromise 95%

દર્દીને તાત્કાલિક અમદાવાદ સીમ્સ હોસ્પિટલમાં આગળની સારવાર માટે મોકલવામાં આવેલ. લોહીના રીપોર્ટ, હૃદયનો ઈકો ટેસ્ટ અને સીટી એન્જિયોગ્રાફી વડે નિદાન પાકું કરવામાં આવે છે. શરૂઆતમાં ઇંજેકશનો ચાલુ કરી હાઈ બી.પી ને કાબુમાં લેવામાં આવે છે. આઈ.સી.યુમાં ઓબ્ઝર્વેશનમાં રાખેલ દર્દીને આંતરડામાં લોહી પહોંચાડતી નળી સાંકળી થઇ જવાથી સતત પેટમાં દુ:ખાવો રહયા કરે છે અને આવા કેસમાં આંતરડાનું ગેંગરીન (સડી જવા)નું જોખમ હતું. ડો. સૃજલ શાહ (વાસ્કયુલર-એન્ડોવાસ્કયુલર સર્જન), ડો. મિલન ચગ (ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ), ડો. નિરેન ભાવસાર (કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ)ની એકસપર્ટ ટીમ મળી હાઈબ્રીડ રીપેર માટે તૈયારી કરે છે. પ્રથમ સ્ટેજમાં ગળાના ભાગમાં કેરોટીડ-કેરોટીક બાયપાસ કરવામાં આવ્યો. બીજા સ્ટેજમાં જાંઘના ભાગમાંથી માત્ર ૩ સેન્ટીમીટરના કાપામાંથી જઈને દર્દીની ૧૫ સે.મી જેટલી ફાટેલી મહાધમની બદલી નાખવામાં આવે છે. માત્ર ૧/૨ કલાકમાં જ જટિલ બિમારીનું સફળ ઓપરેશન પુરૂ થાય છે. આંતરડાની દબાતી નસ પણ ખૂલી જાય છે અને દર્દી બીજા દિવસે ધરે જવા માટે તૈયાર છે. આ રીતે અતિ જીવલેણ બિમારીને વગર ઓપરેશને (endovascular repair) સફળતાથી સારવાર આપીને દર્દીને નવું જીવન આપી શકાયું.

Post op CT Angio




વાચક મિત્રો, એઓર્ટીક એન્યુરિઝમ અને ડિસેકશન વિશેની જાગૃતિ અને જ્ઞાન ગુજરાતી સમાજમાં ધણાં ઓછા છે. આવા દર્દીની સફળ સારવાર ગુજરાતભરમાં પ્રથમવાર હાથ ધરાઈ છે. જે આપણા માટે ગૌરવદાયક વાત છે. તો સીમ્સની તબીબી ટીમને અભિનંદન આપીએ છીએ અને ભવિષ્યમાં થનારી ક્રાંતિકારી શોધ અને સારવાર તરફની સીમ્સની હરણફાળને વધાવી લઈએ.

## સૌજન્ય

**ડૉ. સૃજલ શાહ**
MS, MCh
વાસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જન
(મો) +૯૧-૯૧૩૭૭ ૮૮૦૮૮
ઇ-મેલ : srujal.shah@cims.me

**ડૉ. મિલન ચગ**
MD, DM (Cardiology),
DNB (Cardiology)
ઇન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ
(મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ઇ-મેલ : milan.chag@cims.me

**ડો. નિરેન ભાવસાર**
MD
કન્સલટન્ટ કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ અને ઇન્ટેન્સીવીસ્ટ
(મો) +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭
ઇ-મેલ : niren.bhavsar@cims.me

CIMS News
Care & Cure
Volume-3 | Issue-33 | April 25, 2013

CIMS® Care Institute of Medical Sciences


# સીમ્સમાં ગેસ્ટ્રોઈન્ટેસ્ટીનલ સર્જરીના રોગોની તપાસ અને સારવાર

ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ સર્જરી એટલે અન્નનળી, જઠર, એપેન્ડીક્સ, ગુદા, મળમાર્ગ, લીવર, પિત્તાશય, પિત્તનળી પેન્ક્રિયાસ તથા બરોળ ના સામાન્ય તથા કેન્સરના રોગોનો ઈલાજ, પેટના ઓપરેશન ઓપન પધ્ધતિ અથવા દૂરબીન પધ્ધતિ (લેપ્રોસ્કોપી) દ્વારા થઈ શકે છે. લેપ્રોસ્કોપી ઓપરેશનનાં મુખ્ય ફાયદા એ છે કે ઘાવ બિલકુલ નાના(૦.૫-૧ સીએમ) હોવાથી દર્દી ઘણુ ઓછું (Less Painful) થાય અને રીકવરી જલ્દી આવે છે. આ ઉપરાંત પેટ પર લાંબો ચીરો દેખાતો નથી અને ટાંકામાં પરૂ થવાનું પ્રમાણ ઘણુ ઓછું થઈ જાય છે. લેપ્રોસ્કોપી પધ્ધતિથી પેટના ઘણા રોગોનું નિદાન તથા સારવાર થઈ શકે છે.

**પિત્તાશયની પથરી અને સર્જીકલ કમળો**

પિત્તાશયની પથરીમાંથી સોજો, ઈન્ફેકશન, સર્જીકલ કમળો, તથા પેન્ક્રિયાસનો સોજો જેવા કોમ્પ્લીકેશન થઈ શકે . આ રોગ માટે લેપ્રોસ્કોપી ઓપરેશન હવે દુનિયાભરમાં સ્ટાન્ડર્ડ થઈ ગયું છે. પિત્તાશયની નળીમાં રૂકાવટ હોવાથી આવો કમળો થતો હોય છે. આના મુખ્ય કારણોમાં પથરી, નળીનું સાંકડું થઈ જવું, તથા ગાંઠ હોય છે. પથરી એન્ડોસ્કોપીની મદદથી દુર થઈ શકે અને ગાંઠ માટે એક મેજર સર્જરી ની જરૂર પડી શકે અને સાંકડી નળી માટે બાયપાસનું ઓપરેશન કરવું પડે.


**પેન્ક્રિયાસના રોગો:-**





પેન્ક્રિયાસના સોજામાંથી પેન્ક્રિયાસની ખરાબી થઈ શકે જેને Pancreatic Necrosis કહેવાય. પેન્ક્રિયાસમાંથી પાણી ભરાઈ શકે તથા પરૂ થઈ શકે લાંબા સમયના પેન્ક્રિયાસના સોજાથી તેની નળી પહોળી થઈ શકે અને પથરી સાથે હોય તો તેની રાહત ઓપરેશન દ્વારા કરી શકાય. પેન્ક્રિયાસના કેન્સર માટે પણ ઓપરેશનની જરૂર પડી શકે .

**લીવરના રોગો:-**

જેમ કે લીવરમાં પરૂ, ઈન્ફેકશન, લીવરના કેન્સરની ગાંઠ માટે મેજર ઓપરેશનની જરૂર પડી શકે જેને Liver Resection કહેવાય. લીવરની બિમારી તથા લીવરની નસમાં રૂકાવટ થવાથી અન્નનળી તથા જઠરની નસો ફુલી જાય છે. આ નસો ફાટવાથી લોહીની ઉલ્ટી અથવા ઝાડામાં રકતસ્ત્રાવ થાય. આ એક ખતરનાક બીમારી છે. આવા દર્દીઓને દૂરબીનથી બ્લીડીંગ બંધ થઈ શકે અથવા ઓપરેશનથી લાંબા ગાળાનો ફાયદો થઈ શકે છે. ઘણા આવા દર્દીઓને બરોળ વધી જવાથી શરીરમાં નુકશાન થતું હોય છે. જયારે બરોળ કાઢીને ફાયદો થતો હોય છે. લીવરનું પ્રત્યારોપણ લીવર ફેઈલ થઈ ગયેલા અમુક દર્દી માટે જરૂર પડી શકે.



**એપેન્ડીક્સનો સોજો:**

ઘણી સામાન્ય બિમારી છે. આ ઓપરેશન લેપ્રોસ્કોપીથી થાય છે.

**મોટા આંતરડા તથા મળમાર્ગના રોગો:-**

Diverticulitis, Polyp જેવા રોગો મોટા આંતરડામાં થઈ શકે છે તથા કેન્સરના રોગો પણ આ ભાગમાં થઈ શકે છે. આવા દર્દીઓને કબજીયાત અથવા ઝાડા થઈ જાય છે. ઘણા દર્દીઓને ઝાડામાં લોહી વહી જાય છે. દૂરબીન ટેસ્ટ અને બાયોપ્સી કરાવ્યા પછી આ ગાંઠ ઓપરેશન દ્વારા કાઢવામાં આવે છે. અલ્સરેટીવ કોલાઈટીસ મોટા આંતરડાની બીમારી છે. જેમાં મોટા આંતરડામાં સોજો તથા ચાંદા થઈ જાય છે. ઘણા દર્દીઓ માં દવાથી રોગ કાબુમાં રાખી શકાય. દવાથી ફાયદો ન થાય અથવા કોમ્પ્લીકેશન થાય ત્યારે ઓપરેશન કરી ને મોટું આંતરડું કાઢીને નાના આંતરડામાંથી કૃત્રીમ મળમાર્ગ બનાવવો પડે અને એને મળમાર્ગના નોર્મલ રસ્તા સાથે જોડવું પડે. આ કરવાથી દર્દીને પેટ ઉપર ઝાડા જવાનો કાયમનો રસ્તો બચાવી શકાય છે. જેમ કે વાઢીયા, મસા તથા ભગંદર માં ઓપરેશનની જરૂર પડી શકે.

**સૌજન્ય**

**ડૉ. ચિરાગ ઠક્કર**
MS, MRCS (UK)
ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ, લેપ્રોસ્કોપીક અને ઓબેસીટી સર્જન
(મો) +૯૧-૮૪૬૯૩ ૨૭૬૩૪
ઇ-મેલ : chirag.thakkar@cimshospital.org
drchiragthakkar@yahoo.co.uk

**ડૉ. જયંત કે. ઝાલા**
MS, FAMS, DLS
સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, હીપેટોબીલીયર અને લેપ્રોસ્કોપીક સર્જન
(મો) +૯૧-૯૭૧૨૯ ૯૭૦૯૬
ઇ-મેલ : jayant.jhala@cimshospital.org

CIMS News
Care & Cure
Volume-3 | Issue-33 | April 25, 2013

# *Recipe of the month*
## Pasta Pakodas

**Ingredients : Serves 4 people**

| | | |
|---|---|---|
| Long Penne Pasta (finger like pasta) boiled | : | 1 Cup |
| Cheese OR Paneer grated | : | 1/2 Cup |
| Besan flour | : | 1 Cup |
| Red Chilli Powder | : | 1/2 teaspoon |
| Baking Soda | : | a pinch |
| Salt to Taste | | |
| Oil to deep fry | | |
| Chaat Masala to Sprinkle | | |





**Method :**

1. Stuff each penne pasta with a little grated cheese with the help of a toothpick.
2. Put besan flour in a bowl, add red chilli powder, baking soda and salt.
3. Add sufficient water and mix to make a smooth batter.
4. Heat sufficient oil in a Kadai.
5. Dip each penne in the batter till well coated.
6. Gently slide into hot oil and deep fry til crisp and brown.
7. Drain on absorbent paper.
8. Sprinkle some chaat masala on the fried pasta and serve hot with choice of sauce.

**Approx. - Calories = 1000-1200 kcal, Protein = 30-40 gm.**

Courtesy CIMS Nutrition Department

# Do you snore, feel tired or sleepy during the day?

**You may have Obstructive Sleep Apnea**

**If untreated, may increase the risk of long term consequences : Stroke, Heart Attack, Abnormal Heart Rhythm, High Blood Pressure, Type 2 diabetes**



**Obstructive Sleep Apnea is associated with the following symptoms...**

**Nighttime Symptoms**

- ☐ Loud persistent snoring
- ☐ Witnessed pauses in breathing
- ☐ Choking or gasping for air
- ☐ Restless Sleep
- ☐ Frequent visits to the bathroom

**Daytime symptoms**

- ☐ Early morning headache
- ☐ Daytime sleepiness
- ☐ Poor concentration
- ☐ Irritability
- ☐ Falling asleep during routine activities

**If you have any of the above symptoms, contact CIMS Pulmonogy Department.**

**Dr. Amit H. Patel (M) +91-98243 10150**
**Dr. Nitesh K. Shah (M) +91-98250 27487**

CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-3 | Issue-33 | April 25, 2013

CIMS® Care Institute of Medical Sciences

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 30th to 5th of every month under
Postal Registration No. GAMC-1813/2011-2013 issued by SSP Ahmedabad valid upto 31st December, 2013
Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2012 valid upto 31st December, 2013

**If undelivered Please Return to**

**CIMS Hospital**

Nr. Shukan Mall, Off Science City Road,

Sola, Ahmedabad-380060.

Phone : +91-79-2771 2771-75 (5 lines)

Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

નિ:શુલ્ક

## સીપીઆર શીખો અને એક જિંદગી બચાવો

(કાર્ડિયોપલ્મોનરી રેસસીટેશન / કાર્ડિયાક મસાજ)

CIMS® Care Institute of Medical Sciences

- શું તમારી આજુ-બાજુ કોઇનું હૃદય એકાએક બંધ પડી ગયુ છે ?
- કોઇ બેહોશ થઇ ગયુ છે ?
- કોઇનો શ્વાસ રૂંધાઈ ગયો છે ?



સીપીઆર એટલે હૃદયની ગતિ બંધ પડી હોય તેવા વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સારવાર પ્રક્રિયા કે જે કોઇપણ સામાન્ય વ્યક્તિ શીખી અને અપનાવી શકે છે.

સીમ્સ હોસ્પિટલ દર મહિનાના પહેલા રવિવારે ૨ કલાક માટે નિ:શુલ્ક સીપીઆર ના ક્લાસનું આયોજન કરે છે.

**સમય : સવારે ૧૦ થી ૧૨**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો (મો) +૯૧-૯૦૯૯૦ ૬૬૫૨૮

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક,
ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
ઇમેલ : info@cims.me વેબ: www.cims.me

Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.